૧૨, જુલાઈ, ૨૦૨૨



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિવિધ ઔદ્યોગીક ઉત્પાદનો પર GST દર ૧૨% પ્રમાણે યથાવત રાખવા કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ...

જયારથી GST કાયદાનું અમલીકરણ કરવામાં આવેલ છે ત્યારથી આજદીન સુધી વેપાર–ઉદ્યોગકારોને GST કાયદામાં ઉદ્ભવતી વિસંગતતાઓ અને તેમાં વિવિધ ફેરફારો કરવા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ રજુઆતો કરી મહદઅંશે સફળતાઓ મેળવેલ છે.

તાજેતરમાં ૪૭ મી GST કાઉન્સીલની મિટીંગ મળેલ તેમાં GST ની કાયદાકીય પ્રોસીઝર અને વિવિધ ઔદ્યોગીક ઉત્પાદનોના દરોમાં ૧૨% ની જગ્યાએ ૧૮% જેટલો વધારો કરવા માટે દરખાસ્ત મુકવામાં આવેલ છે. અગાઉની કોરોના વૈશ્વીક મહામારીને કારણે વેપાર–ઉદ્યોગો પર વિપરીત અસર પડેલી છે અને કાચામાલની કિંમતમાં થયેલ તીવ્ર ભાવ વધારો તથા હાલની હરિફાઈના સંજોગોને કારણે ઔદ્યોગકી એકમો આર્થીકમંદીનો પણ સામનો કરી રહયા છે. ત્યારે આવા GST દરોમાં આટલો મોટો વધારો કરવો તે ખુબ જ અયોગ્ય જણાઈ રહયુ છે.

GST કાઉન્સીલ દ્વારા સબમર્શીબલ પમ્પ, સેન્ટ્રીફ્યુગલ પમ્પ, ડીપ ટયુબવેલ ટર્બાઈન પમ્પ, તથા બાઈસીકલ પમ્પ ઉપર ૧૨% ના પ્રવર્તમાન દરમાં વધારો કરી ૧૮% કરવાની દરખાસ્ત કરાયેલ છે. આવો ૬% જેટલો સીધો વધારો કરવાથી ખેડુતો, ગ્રાહકો, પાણી પુરવઠા અને સિંચાઈ સાથે સંકળાયેલ સરકારી વિભાગો તથા માલ સપ્લાય કરતા MSME એકમોને ખુબ જ મુશ્કેલી પડશે અને ધંધામાં ખુબ જ ગંભીર અસર પડશે.

તમામ વર્ગના લોકો માટે ઘઉંનો લોટ કરોડો પરિવારની આજીવીકાની જીવનરેખા છે. ત્યારે અનાજ માટેના મિલીંગ મશીનરી પર GST કાઉનસીલ દ્વારા પ્રવર્તમાન ૫% ના દરમાં વધારો કરી ૧૮% કરવા દરખાસ્ત કરાયેલ છે. આવો ૧૩% જેટલો સીધો વધારો મીલીંગ મશીનરી મેન્યુફેકચરીંગ એકમો તથા પરિવારો માટે અવરોધરૂપ સાબીત થશે.

સાથો સાથ પારીવારીક જીવન જરૂરીયાત ચીજ–વસ્તુઓ પુરી પાડતા કીચનવેર પ્રોડકટસમાં પણ GST કાઉન્સીલ દ્વારા પ્રવર્તમાન ૧૨% દરમાં વધારો કરી ૧૮% કરવા દરખાસ્ત કરાયેલ છે. આવો ૬% જેટલો સીધો વધારો કરવાથી કીચનવેર ઉત્પાદકો, પરિવારો અને હોટેલ–રેસ્ટરન્ટો માટે મુશ્કેલીરૂપ બનશે.

આમ GST કાઉન્સીલ દ્વારા પ્રવર્તમાન ૧૨% દરમાં વધારો કરી ૧૮% કરવા જે દરખાસ્ત કરાયેલ છે તેમાં ફેર વિચારણા કરી ઔદ્યોગીક એકમો અને આમપ્રજાને હાલાકી ન પડે તે માટે હાલના દરો ૧૨% પ્રમાણે યથાવત રાખવા ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સીતારામન તથા વિવિધ ખાતાના મંત્રીશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ–ધારાસભ્યશ્રીઓ તથા CGST ચીફ કમિશ્નરશ્રી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.